### તલાટીને ફરિયાદ છતાં પગલાં ભરાતાં નથી

# હિંમતનગરના માલીવાડ પંચાયતના સર્વે નંબરના ખુલ્લા પ્લોટમાં પાણી ભરાતાં રોગચાળાનો ભય

**નિયત સમયમાં બાંધકામ શરુ ન થાય તો પ્લોટ ખાલસા કરી શકવાની જોગવાઈ**

બાયડ, તા.૨

હિંમતનગર તાલુકાની માલીવાડ ગ્રામ પંચાયતના સર્વે નં.૮૩ અને ૭૭માં આવેલી સોસાયટીઓના કેટલાક પ્લોટ ખાલી છે અને પુરણ ન કરાવાતાં તેમાં વરસાદી પાણી ભરાવવાના કારણે રોગચાળો વકરવાનો ભય હોવાની લેખિત ફરિયાદ ગ્રામ પંચાયતના તલાટી તેમજ વહીવટદારને આપ્યાના ૪ દિવસ પછી પણ કોઈ પગલાં ભરાયાં નથી. સોસાયટી વિસ્તારમાં પ્લોટ આપ્યા પછી ઉવર્ષની અંદર બાંધકામ કરવાનું હોય છે અને જો બાંધકામ કર્યું ન હોય તો દંડનીય કાર્યવાહી અથવા તો પ્લોટ તંત્ર દ્વારા ખાલસા કરી શકવાની જોગવાઈ હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર હિંમતનગરના બ્રહ્માણીનગર, મહેતાપુરા તાબાની માલીવાડ ગ્રામ પંચાયતના કેટલાક અરજદારોએ તલાટી કમ મંત્રીને લેખિત ફરિયાદ કરી છે કે માલીવાડ ગ્રામ પંચાયત અંતર્ગતના સર્વે નંબરમાં આવેલી સોસાયટીમાં પ્લોટ નં.૩, ૭, ૧૨ તેમજ ૭૭૫ તથા કોમન પ્લોટ લાંબા સમયથી ખાલી છે અને ત્યાં જે તે મૂળ માલિકો દ્વારા પુરણ કર્યું ન હોવાથી ચોમાસા દરમ્યાન પાણી ભરાય છે અને પાણીનો નિકાલ થતો ન હોવાથી સોસાયટીમાં મચ્છરોનો ઉપદ્રવ વધવાની દહેશતથી ડેન્ગ્યુ, મેલેરીયા સહિતનો રોગચાળો વકરવાની દહેશત વ્યક્ત કરી છે અને સત્વરે પ્લોટ માલિકોને ખાલી પ્લોટમાં પુરણ કરાવી વરસાદી પાણી ન ભરાય તે માટે સૂચના આપવા તાકીદ કરી છે અને આ અંગે જો કોઈ ઉચિત પગલાં નહીં ભરાય તો ઉચ્ચ કક્ષાએ કેટલાક રહીશો દ્વારા રજૂઆત કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.



**આ અંગે તપાસ કરીશું - તલાટી કમ મંત્રી**

માલીવાડ ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રી પ્રિયંકાબેન દરજીનો સંપર્ક કરતાં તેઓએ જણાવ્યું કે કેટલાક સોસાયટી વિસ્તારોમાં ખુલ્લા ખાલી પ્લોટ છે અને તેમાં વરસાદી પાણી ભરાતાં હોવાની મારી સમક્ષ કોઈએ રજૂઆત કરી હતી અને આ અંગે તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરીશું.

# જિલ્લામાં જયાપાર્વતી વ્રતનો પ્રારંભ, શિવાલયોમાં ભીડ દેખાઈ

**સુંદર વરની પ્રાપ્તિ માટે કુંવારીકાઓ વ્રત કરે છે**







બાયડ, તા.૦૨

શનિવારથી સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જયાપાર્વતી વ્રતનો પ્રારંભ થયો એ સાથે શિવાલયોમાં વ્રતધારી કન્યાઓની ભીડ જોવા મળી. પરોઢે કેટલાક વિસ્તારોમાં વરસાદ વરસતાં વ્રત માટે ગયેલી કન્યાઓને પૂજા સમયે મુશ્કેલી પડી હતી. સૌભાગ્ય અને સમૃદ્ધિ તેમજ મનોવાંચ્છિત વરની પ્રાપ્તિ માટે જયાપાર્વતી વ્રત કરવાની પરંપરા વર્ષોથી ચાલી આવી છે. પ્રાપ્ત જાણકારી અનુસાર અષાઢ માસની તેરસથી વ્રતની શરુઆત થાય છે. જયાપાર્વતીનું વ્રત રાખતી કન્યાઓ તેરસ થી બીજ સુધી વ્રત ઉજવે છે. ૫ દિવસના જયાપાર્વતી વ્રતની કન્યાઓને મન વિશેષ મહત્વ રહેલું છે. પરોઢે શિવમંદિરમાં પહોંચી કન્યાઓ શિવજીની પૂંજા કરે છે અને પૂંજા સમયે પોતાના મનમાં હોય તે સંકલ્પો વ્યક્ત કરી પરીપૂર્ણ થાય તે માટે મહાદેવ સમક્ષ પ્રાર્થના કરતા હોય છે. જયાપાર્વતી વ્રત શરુ થતાં બાયડના ઋણમુક્તેશ્વર મહાદેવ, આકરુન્દ મહાદેવ મંદિર, મોડાસાના ગેબીનાથ મહાદેવ, રાજેન્દ્રનગરના સોમનાથ મહાદેવ, ભિલોડાના ભવનાથ મહાદેવ, હિંમતનગરના ઝરણેશ્વર મહાદેવ, માલપુરના રક્ષેશ્વર મહાદેવ, ઉભરાણના સુલપાણેશ્વર મહાદેવ, વિરેશ્વર મહાદેવ સહિતના અનેક નાના-મોટા શિવમંદિરોમાં સવારથી વ્રતધારી કન્યાઓની પૂંજા માટે લાઈનો લાગી હતી.

૫ દિવસ મીઠા વગરનું મોળું ખાશે. શનિવારથી ગૌરીવ્રતનો પ્રારંભ થયો છે. સવારથી શિવમંદિરોમાં વ્રતધારી કન્યાઓની ભીડ જોવા મળી હતી. વ્રત કરનારી કન્યાઓ ૫ દિવસ મીઠા વગરનો મોળો ખોરાક ગ્રહણ કરશે. જ્યારે વ્રતને લઈને કન્યાઓએ હાથે મહેંદી મૂકાવીને પર્વને વધુ ઉત્સાહ ભર્યું બનાવ્યું છે.

# બોભા પ્રાથમિક શાળામાં ધોરણ-૧ના બાળકોને સ્કૂલ બેગનું દાતા દ્વારા વિતરણ



પ્રાંતિજ તા. ૨

પ્રાંતિજ ના બોભા ગામ ખાતે રહેતાં રાઠોડ ખુમાનસિંહ જગતસિંહ એ હાલ સાણંદ ખાતે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે ત્યારે તેમના તરફ થી ધોરણ ૧ ના અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સ્કૂલ બેગ નું વિતરણ કરવામાં આવ્યું હતું ધોરણ ૧ માં કુલ ૬૦ બાળકો ને સ્કૂલ બેગ નું વિતરણ કરવામાં આવ્યું હતું આ પ્રસંગે શાળા ના આચાર્ય સહિત શાળા સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

# પ્રાંતિજના સલાલ ખાતે નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો




પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના સલાલ ખાતે આયોવેદિક તથા હોમિયોપેથીક નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો. સલાલ ખાતે કાર્યરત સબ સેન્ટર ખાતે નિયામક શ્રી આયુષની કેચરી ગાંધીનગર તથા આયુવેદ સહિત સાબરકાંઠા માર્ગદર્શન હેઠળ આયુર્વેદ તથા હોમિયોપેથીકનો નિઃશુલ્ક સર્વરોગ નિદાન સારવાર કેમ્પ યોજાયો હતો જેમા સોનાસણના આયુર્વેદ વૈધ કિંજલબેન તથા પ્રાંતિજના હોમિયોપેથીક ડાં.અંકિતાબેન દ્વારા સેવાઓ આપવામાં આવી હતી તો આ પ્રસંગે પોગલુ મંદિરના મહંત સુનીલદાસજી મહારાજ તથા પ્રાંતિજ જાયન્ટસ સ્થાપક ડાં એન.કે.ડેરીયા, સલાલ સરપંચ દિપકસિંહ તથા સલાલ સબ સેન્ટરના ડાં બિનલબેન તથા સ્ટાફ તથા આશાબહેનો, ગામજનો મોટી સંખ્યામાંઉપસ્થિત રહ્યા હતા અને કેમ્પ નો લાભ લીધો હતો.


# સાબરકાંઠા, અરવલ્લીમાં આજથી જૈનોના ચાતુર્માસનો પ્રારંભ

**૪ મહિના સુધી પ્રાર્થના, પ્રવચન, પ્રતિક્રમણ થશે**

બાયડ, તા.૨

ચાતુર્માસનો પ્રારંભ આજથી થઈ રહ્યો છે ત્યારે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં જૈન સમુદાય ધર્મ આરાધનામાં જોડાઈ જશે. ૪ મહિના સુધી ઉપાશ્રયોમાં ગુરુવરીયો, સંત વગેરેની વાણીનું અનન્ય લાભ મળશે. ચાતુર્માસ પૂર્વે મોટાભાગના જૈન ઉપાશ્રયોમાં તૈયારીઓ જોવા મળી હતી.

પ્રાપ્ત જાણકારી અનુસાર જૈન સમાજમાં ચાતુર્માસનું આગવું મહત્વ રહેલું છે. હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, બાયડ, મોડાસા, સાઠંબા, માલપુર, વિજયનગર, ભિલોડા, ટીંટોઈ સહિતના જિલ્લાના અનેક સ્થળે ઉપાશ્રય આવેલા છે અને તેમાં નિયમિતપણે જૈન ધર્મોના ગુરુવર્યો, સંત, સતીજીયોની પધરામણી થતી હોય છે. પરંતુ ચાતુર્માસ પ્રસંગે મહત્વ વધી જતું હોય છે. આજે તા.૨ જુલાઈ, રવિવારથી ચાતુર્માસનો પ્રારંભ થશે અને એ સાથે ઉપાશ્રયોમાં તપ, જપ સહિત ધર્મકરણીમાં શ્રદ્ધાપ્રિય લોકો ભાવુક થઈ જશે. તા.૧૨ સપ્ટેમ્બરે પર્વાધિરાજ પર્યુષણ પર્વનો પ્રારંભ થશે. તા.૧૯ સપ્ટેમ્બરે સંવત્સરી મહાપર્વ, ૧૨ નવેમ્બરે મહાવીર નિર્વાણ કલ્યાણક મહોત્સવ અને તા.૨૬ નવેમ્બરે ચાતુર્માસ પૂર્ણાહૂતિ થશે.



# મોડાસા નાલંદા-૨ સોસાયટીના પીપલેશ્વર મહાદેવ મંદિરમાં ગૌરીવ્રત પૂજનનો અનેરો મહિમા




મોડાસા,તા. ૨

મોડાસા શહેર સહીત અરવલ્લી જીલ્લામાં ઠેર ઠેર ગૌરી વ્રત અને જયા પાર્વતી વ્રતનો ઉત્સાહભેર કુવારી કન્યાઓ દ્વારા આરંભ કરવામાં આવ્યો છે. જેમા કન્યાઓ પાંચ દિવસ ઉપવાસ કરી ભગાવન શંકરની તથા નાની બાળાઓ ટોપલીમાં વાવેલ જવારાની પુજા અર્ચના કરે છે ત્યારે મોડાસા શહેરની નાલંદા-૨ સોસાયટીમાં આવેલ પીપલેશ્વર મહાદેવ મંદિર નો અનેરો મહિમા હોવાથી મોટી સંખ્યામાં દીકરીઓ પૂજા અર્ચના કરવા ઉમટી પડતા સોસાયટી વિસ્તારમાં ભક્તિમય વાતાવરણ સર્જાય છે

મોડાસાની નાલંદા -૨ સોસાયટીમાં બિરાજમાન પિપલેશ્વર મહાદેવ મંદિરમાં છેલ્લા ૭ વર્ષથી ગૌરીવ્રત પૂજનમાં ૬૦થી વધુ દિકરીઓ

બેસે છે અમિતભાઈ મહારાજ દ્વારા પૂજા અર્ચન કરાવવામાં આવે છે. અને ગૌરીવ્રતના છેલ્લા દિવસે નાલંદા મંદિર સમિતિ અને નાલાંદા યુવા મિત્ર મંડળ દ્વારા છેલ્લા સાત વર્ષથી દરેક સમાજની દીકરીઓ અને વ્રત રાખનાર ૨૦૦થી પણ વધુ દીકરીઓને ભોજન કરાવી અને દક્ષિણા આપી વ્રતની પુર્ણાહુતીની ઉજવણી કરવામાં આવે છે આ વર્ષે ૬ જુલાઈએ સાંજના સુમારે દીકરીઓ માટે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે

# પ્રાંતિજના ઘડપણ હાઈસ્કૂલમાં નેત્ર નિદાન કેમ્પ યોજાયો



પ્રાંતિજ તા. ૨

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજના ઘડકણમાં શનિવારે કેડી હોસ્પિટલ અમદાવાદ ના તબીબોએ આંખ નિદાન કેમ્પ યોજવામાં આવ્યું જેના ભાગરૂપે પ્રગતિ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ સોનાસણ દ્વારા આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સવારથી જ દર્દીઓએ સ્કૂલના કમ્પાઉન્ડમાં દર્દીઓનો ઘસારો જોવા મળ્યો હતો સેવા ટ્રસ્ટના પ્રમુખ ગોપાલભાઈ ઘડકન દૂધ મંડળીના વાઈસ ચેરમેન અરવિંદભાઈ તેમજ ડોક્ટર જનક સાધુ ની ટીમ ભારે જેમ જ ઉઠાવી હતી.

### ગ્રાન્ટેડ સ્કૂલોના શિક્ષણ પર ગંભીર અસર

# નવું શૈક્ષણિક સત્ર શરૂ થયું હજુ સુધી પ્રવાસી શિક્ષકોની ભરતી અદ્ધરતાલ રહેતા વિદ્યાર્થીઓ ચિંતિત

મોડાસા, તા. ૨

ગુજરાતની ગ્રાન્ટેડ સ્કૂલોમાં હજ્જારો શિક્ષકો જગ્યાઓ ખાલી છે.કાયમી શિક્ષકોની જગ્યાએ પ્રવાસી શિક્ષકોથી સરકાર કામ ચલાવી રહી છે ત્યારે નવુ શૈક્ષણિક વર્ષ શરુ થયે એક મહિના જેટલો સમય થવા આવ્યો છે પણ હજી સુધી ગ્રાન્ટેડ સ્કૂલોમાં પ્રવાસી શિક્ષકોની નિમણૂંક કરવા માટે સરકારે પરિપત્ર બહાર પાડયો નહીં હોવાથી હજારો વિદ્યાર્થીઓનુ શિક્ષણ બગડી રહ્યુ છે.ગ્રાન્ટેડ સ્કૂલો સરકારની ઉપેક્ષાનો શિકાર બની રહી છે અને પ્રવાસી શિક્ષકોની નિમણૂંક માટેની ઉદાસીનતા સરકારના ઉપેક્ષિત વલણનો વધુ એક પૂરાવો છે. અરવલ્લીની ગ્રાન્ટેડ સ્કૂલોમાં વિવિધ વિષયો માટે અનેક પ્રવાસી શિક્ષકોની જરુર છે.

સામાન્ય રીતે સ્કૂલોમાં કાયમી શિક્ષકોની જગ્યાઓ ખાલી હોય તેના પર પ્રવાસી શિક્ષકો એટલે કે કામચલાઉ શિક્ષકોની નિમણૂંક કરીને કામ ચલાવાતુ હોય છે.આવા શિક્ષકોને એક લેક્ચર દીઠ મહેતનાણુ ચુકવાય છે.સરકારે માધ્યમિક વિભાગમાં લેકચર દીઠ ૧૭૫ રુપિયા અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં ૨૦૦ રુપિયા મહેતનાણુ નક્કી કરેલુ છે.સરકાર આ વર્ષે ટેટ પરીક્ષામાં પાસ થયેલા ઉમેદવારોની શિક્ષકોની ખાલી જગ્યાઓ પર નિમણૂંક કરે તેવી શક્યતાઓ છે.

આધારભૂત સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નિમણૂંકની કાર્યવાહી તાત્કાલિક શરુ કરવામાં આવે તો પણ ૬ મહિના લાગે તેમ છે. આ સંજોગોમાં પ્રવાસી શિક્ષકો વગર તો ગ્રાન્ટેડ સ્કૂલોમાં વિદ્યાર્થીઓના અભ્યાસ પર ગંભીર અસર પડી રહી છે. ગત વર્ષે સરકારે જૂન મહિનામાં પ્રવાસી શિક્ષકોની નિમણૂંકને મંજૂરી આપી હતી.ત્યારે હવે જોવુ રહ્યું કે સરકારનું શિક્ષણ તંત્ર પ્રવાસી શિક્ષક અંગે ક્યારે નિર્ણય કરે છે

# અમીરગઢ નજીક માર્ગ અકસ્માતમાં પાલનપુરના ચાર યુવકોના મોત

પાલનપુર તા.૨

પાલનપુર આબુ હાઈવે ઉપર અમીરગઢના ચેખલા પાસે શુક્રવારે મોડી રાત્રે ટ્રક અને ઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો.જેમાં ઈકોમાં સવાર પાલનપુરના ચાર યુવકોના મોત થયા હતા.

અમીરગઢ તાલુકાના ચેખલા ગામના પાટીયા પાસે શુક્રવારની રાત્રીએ ટ્રક અને ઈકો વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.જેમાં ઈકોમાં સવાર પાલનપુરના તહિરભાઈ રફીકભાઈ સૈયદ(ઉ.વ ૨૮), રિઝવાનભાઈ હનીફભાઈ શેખ (ઉ.વ ૨૮) સોયબ ભાઈ અને ઈસાકભાઈ મન્સૂરીના મોત નિપજ્યા હતા. અકસ્માતને પગલે આજુબાજુથી લોકોના ટોળેટોળા એકત્ર થઈ ગયા હતા.અને પોલીસ તેમજ ૧૦૮ને જાણ કરવામાં આવતા પોલીસ અને ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી આવી હતી. ૧૦૮ના સૂત્રોએ જણાવ્યું હતું કે, તાહીરભાઈ સૈયદ અને રિઝવાનભાઈ શેખનું અકસ્માતમાં ઘટના સ્થળે મોત થયું હતું . જ્યારે સોયબભાઈ અને ઈશાકભાઈને ૧૦૮માં પાલનપુર સિવિલમાં ખસેડતી વખતે રસ્તામાં મોત થયું હતું. તારે યુવકના કમ કમાટી ભર્યા મોતને પગલે પાલનપુરના નાની બજાર વિસ્તારમાં અરેરાટી પ્રસરી ગઈ હતી. બીજી તરફઆ ઘટનાને પગલે ટ્રાફીક જામ થતા પોલીસ દ્વારા ટ્રાફીકને ખુલ્લો કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.



# તલોદ રેલ્વે ઓવર બ્રીજનું કામ ચાલુ હોવાથી સર્વિસ રોડ બનાવી આપવામાં સક્ષમ અધિકારીઓ ગોર નિંદ્રામાં...

તલોદ, તા. ૨

તલોદ ખાતે છેલ્લા બે વર્ષ થી કામ ચાલુ હોવાથી પ્રજાજનો ને ભારે મુશ્કેલીઓ નો સામનો કરવો પડે છે ત્યારે અવર જવર રસ્તા માટે સર્વિસ રોડ માટે કલેક્ટર કચેરી, રાજ્ય સરકાર માં ઉગ્ર રજૂઆતો કરવામાં આવી છતા અધિકારીઓ ની મિલી ભગત થી રાહદારીઓ પરેશાન. તલોદ ખાતે ત્રણ ઇંચ જેટલો વરસાદ પડવાથી જ્યાં જુવો ત્યાં ખાડા ખોડવાથી કાદવ કિચડ જોવા મળે છે ત્યારે સર્વિસ રોડ ન બનતા પ્રજાજનો એ અવર જવર કરવા માટે ભારે મુશ્કેલીઓ નો સામનો કરવો પડે છે. સંગઠન પ્રમુખ દામોદર ભાઈ પટેલ ને પૂછતા તેમને જણાવ્યું હતું કે કોન્ટ્રા ક્તર એમ કહે છે કે સર્વિસ રોડ માટે મને રસ્તા માંથી દબાણ અને વીજ થાંભલા હટાવી આપો તો ૨૪ કલાક ની અંદર સર્વિસ રોડ બનાવી આપું. મામલતદાર કચેરી અને જી ઈ બી બોર્ડ ખાતે લેખિત અરજી ઓ આપવામાં આવી છતાં ગોર નિંદ્રા માં હોય તેવું લાગી રહ્યું છે ત્યારે તકલીફ તો આમ જનતાને જ વેઠવી પડે છે કઈ કામ હોય તો અવર જવર કરવા માટે પ્રજાજનો, શાળાના વિધાર્થીઓ, દર્દીઓ વગેરે ને ભારે મુશ્કેલીઓ નો સામનો કરવો પડે છે.



# અરવલ્લી : ૯ વર્ષની બાળકીને પીંખી નાખનાર નરાધમ ત્રણ સંતાનનો પિતા

**DYSP કે.જે.ચૌધરીએ ગણતરીના કલાકોમાં નરાધમને દબોચ્યો**

મોડાસા, તા. ૨

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ખેત મજુરની ૯ વર્ષીય દીકરી સાથે પાડોશી યુવકે તેના ઘરે બોલાવી દુષ્કર્મ કરતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી છે પરિવારે ધનસુરા પોલીસમાં ફરિયાદ નોંધાવતા સમગ્ર ઘટનાની તપાસ નાયબ પોલીસ અધિક્ષક કે.જે ચૌધરીને સોંપતા નરાધમ આરોપીને ગણતરીના કલાકોમાં દબોચી લઈ મેડિકલ પરીક્ષણ કરાવી જેલના સળિયા પાછળ ધકેલી દીધો હતો ત્રણ સંતાનોના પિતાના કાળા કરતૂતથી સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી હતી. છોટાઉદેપુર જીલ્લાના અને ધનસુરાના ગ્રામ્ય વિસ્તારમાં ખેત મજૂરી કરતા પરિવારની ૯ વર્ષીય બાળકીને પાડોશમાં રહેતા રાજુ બાબુ વાઘેલા (મૂળ.રહે,ચૌધરી વાસણા-ગાંધીનગર)નામના હવસખોરને મનમાં વાસનાનો કીડો સળવળતા લલચાવી ફોસલાવી અપહરણ કરી તેના ઘરે લઈ જઈ જાતીય સતામણી કરી બાળકી સાથે બળજબરી દુષ્કર્મ આચરતા ભારે ચકચાર મચી હતી ધનુસરા પોલીસે દૂષ્કર્મનો ભોગ બનેલી દીકરીના પિતાની ફરિયાદના આધારે રાજુ બાબુ વાઘેલા (મૂળ.રહે,ચૌધરી વાસણા-ગાંધીનગર) સામે અપહરણ, પોક્સો, દુષ્કર્મ અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા ૯ વર્ષીય બાળકી પર દુષ્કર્મની ઘટનાની ગંભીરતાને પગલે જીલ્લા પોલીસવડા સંજય ખરાતે સમગ્ર કેસની તપાસ ડીવાયએસપી કે.જે.ચૌધરીને સોંપી હતી.



મોડાસા નાયબ પોલીસ અધિક્ષક કે.જે ચૌધરી ને સોંપાતા તેઓ તાત્કાલિક ઘટના સ્થળે પોલીસ કાફલા સાથે દોડી ગયા હતા અને આરોપી રાજુ બાબુભાઈ વાઘેલા (દેવીપૂજક) (૨૫) ને કલાકોમાં ઝડપી પાડ્યો હતો પોલીસે આરોપીનું મેડિકલ ચેકઅપ કરાવીને જેલના સળિયા પાછળ ધકેલી દઈ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.